ધાનેરામાં લોકડાઉન ચુસ્તપણે પાલન

લોકડાઉન ને આજે ૧૯ નો દિવસ છે ત્યારે બનાસકાંઠા જિલ્લાના ધાનેરામાં આજે લોકો લોકડાઉન ને અને પાલન જોવા મળી રહ્યું છે અને તમામ રસ્તાઓ સૂમસામ જોવા મળી રહ્યા છે ત્યારે પોલીસ પણ પોતાની ફરજ બજાવી રહી છે પહેલા લોકડાઉન હતું પરંતુ જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ વાળી દુકાનો ખૂલી હોવાથી લોકો બજારમાં અવરજવર કરતા હતા અને બજારમાં લોકોની ભીડ પણ જોવા મળે છે તે બાદ કોરોના વધતા જતા કહેર ને લઈ તંત્ર એલર્ટ બન્યું હતું તે બાદ દૂધ અને શાકભાજી સિવાયની તમામ દુકાનો બંધ કરાવી દેતા તેમજ બાઈક પર એક વ્યક્તિ અને ગાડીમાં માત્ર બે જ વ્યક્તિ બેસવાની વાત કરતાં આજે સમગ્ર ધાનેરા સુમસામ જોવા મળ્યું હતું અને ધાનેરામાં માત્ર શાકભાજી તેમ જ દૂધની દુકાન ચાલુ જોવા મળે છે અને અન્ય દુકાનો બંધ જોવા મળે છે ત્યારે ક્યાંક ને ક્યાંક હવે લોકોમાં પણ કોરોના નો ભય જોવા મળે છે અને લોકો સ્વેચ્છાએ લોક ડાઉનલોડ પાલન કરી રહ્યા છે.

ગુજરાત-રાજસ્થાન બોર્ડર પર ગુજરાત અને રાજસ્થાન પોલીસ દ્વારા સઘન ચેકિંગ

ઉચ્ચ અધિકારીઓ પણ આ ચેકપોસ્ટ પર રાખી રહ્યા છે બાજ નજર

અત્યારે કોરોનાવાયરસ ને લઈ સમગ્ર બોર્ડર સીલ કરી દેવામાં આવે છે તમામ બોર્ડર ઉપર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે તેમજ લોકોની અવરજવર પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે ત્યારે જીવન જરૂરિયાતની વસ્તુઓ માટેની વાહનોને છૂટ આપવામાં આવી છે ત્યારે વાત કરવામાં આવે ગુજરાત રાજસ્થાન બોર્ડર પર આવેલી નેનાવા ચેકપોસ્ટના નેનાવા ચેકપોસ્ટ પર પણ આજે સઘન સુરક્ષા જોવા મળી હતી અને ચુસ્તપણે લોક ડાઉનલોડ જોવા મળી રરહ્યું છે ત્યાંથી પસાર થતા તમામ લોકોનું આરોગ્ય વિભાગની ટીમ દ્વારા પણ ચકાસણી કરવામાં આવી રહી

છે તો બીજી તરફ અવરજવર કરતાં અન્ય લોકો પર અને વાહનો પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે ત્યારે જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ વાહનો અને અવરજવર કરી રહેલા સ્થાનિક લોકો અને ખેડૂતો દૂધ ભરાવવા માટે ગામમાં જઈ રહ્યા છે તેમને પણ આરોગ્યની ટીમ દ્વારા ચેકિંગ કર્યા બાદ જ ત્યાંથી પસાર થવા દેવામાં આવે છે તો બીજી તરફ ટુ વ્હીલર પર માત્ર એક જ વ્યક્તિ અને ફોર વ્હીલરમાં બે વ્યક્તિ ને લઈ પોલીસે પણ કામગીરી હાથ ધરી છે ત્યારે આજે નેનાવા ચેકપોસ્ટ ની મુલાકાતે ધાનેરાના એસડીએમ યોગેશ ભાઈ ઠક્કર અને ધાનેરા પોલીસ ઈન્સ્પેકટર એસ એ ડાભી પણ આવ્યા હતા અને સમગ્ર કામગીરીથી વાકેફ થયા હતા થયા હતા નેનાવા ચેકપોસ્ટ થી માત્ર બે કિલોમીટરના અંતરે રાજસ્થાની ચેકપોસ્ટ આવેલી છે રાજસ્થાની ચેકપોસ્ટ પર પણ રાજસ્થાન પોલીસ દ્વારા ચુસ્તપણે લોક ડાઉનલોડ પાલન કરવામાં આવી રહ્યું છે અને પોલીસ કોરોના ના કહેર વચ્ચે પણ ફરજ બજાવે છે અને ત્યાંથી પસાર થતા લોકો તેમજ વાહનોને ચેક કરવામાં આવી રહ્યા છે.

ટીંટોઈ ગ્રામ પંચાયત મહિલા સદસ્યની ગુંડાગર્દી

વોર્ડના જાગૃત નાગરિકે પાણી છોડવાનું કહેતા અદાવત રાખી ટોળા સાથે ખૂની હુમલો

લોકડાઉનની સ્થિતિમાં અરવલ્લી જીલ્લામાં ઘર્ષણના કિસ્સાઓમાં નોંધપાત્ર વધારો થયો છે. જનપ્રતિનિધિ જ ગુંડાગર્દી પર ઉતરી આવતા હોવાના અનેક કિસ્સાઓ જોવા મળી રહ્યા છે. મોડાસા તાલુકાના ટીંટોઈ ગ્રામ પંચાયત વોર્ડ.નં-૪ના મહિલા સદસ્ય ભાવનાબેન પ્રકાશભાઈ રાઠોડને તેમના વોર્ડમાં પાણીની સમસ્યા અંગે જાગૃત નાગરિકે રજુઆત કરતા મહિલા સદસ્યએ આ અંગે અદાવત રાખી ગેરકાયદેસર મંડળી રચી જાગૃત નાગરિકના ઘરે પથ્થરમારો અને લાકડીઓ વડે હુમલો કરતા એક વ્યક્તિના પગે ઈજાઓ પહોંચી હતી મહિલા સદસ્ય અને ટોળાના હિચકારા હુમલાથી પરિવારજનો ફફડી ઉઠ્યા હત્યા હુમલાથી બચવા પરિવારજનો ઘરમાં પુરાઈ જતા અને ટીંટોઈ ઓ.પી પોલીસ ઘટનાસ્થળે દોડી આવતા ટોળું વિખેરાઈ જતા સદનસીબે સોની

પરિવારનો આબાદ બચાવ થયો હતો. મોડાસા રૂરલ પોલીસે મહિલા સદસ્ય સહીત ૧૬ લોકોના ટોળા સામે રાયોટીંગનો ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા હતા.

ટીંટોઈ ગામમાં વોર્ડ.નં-૪માં છેલ્લા કેટલાય સમયથી પાણી વિતરણમાં અનિયમિતતા જોવા મળતા કૌશિકકુમાર નારણદાસ સોની નામના સ્થાનિક રહીશે વોર્ડ.નં-૪ના મહિલા સદસ્ય ભાવનાબેન પ્રકાશભાઈ રાઠોડને રજુઆત કરતા મહિલા સદ્સ્યનો પારો આસમાને પહોંચ્યો હતો. થોડાક કલાકો પછી મહિલા સદસ્ય ભાવના રાઠોડ તેના મળતીયાઓ સાથે ગેરકાયદેસર મંડળી રચી ટોળા સાથે કૌશિક કુમાર સોનીના ઘર આગળ ધસી જઈ લાકડીઓ પછાડી બિભસ્ત ગાળો બોલી દેકારો મચાવી પથ્થરમારો કરતા કૌશિકભાઈના પગે પથ્થર વાગતા ઈજાઓ પહોંચતા કૌશિકભાઈ અને તેમના પરિવારજનો ઘરમાં પુરાઈ જતા ઘર પર પથ્થરોનો મારો ચલાવતા ઘરના બારી-બારણાને ભારે નુકશાન થયું હતું મોતનું તાંડવ જોઈ પરિવારજનોએ બચવા માટે પોલીસને જાણ કરતા પોલીસે તાબડતોડ ઘટનાસ્થળે પહોંચતા મહિલા સદસ્ય ભાવના રાઠોડે જાનથી મારી નાખવાની ધમકી આપી ટોળા સાથે રફુચક્કર થઈ ગઈ હતી. મહિલા પંચાયત સદસ્યના ઘાતકી હુમલાના પ્રયાસથી લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો.

મોડાસા રૂરલ પોલીસે કૌશિકકુમાર નારણદાસ સોનીની ફરિયાદના આધારે ભાવનાબેન પ્રકાશભાઈ રાઠોડ, રાકેશ ઉર્ફે લાલો ચીમનલાલ રાઠોડ, પુષ્પાબેન રાકેશભાઈ રાઠોડ, ધર્મેશ રાકેશભાઈ રાઠોડ, ભાવેશ રાકેશભાઈ રાઠોડ, રાજુભાઈ નામનો શખ્સ સહીત ટોળા વિરુદ્ધ ઈપીકો કલમ-૩૩૭, ૫૦૪, ૫૦૬(૨), ૧૪૩ અને જીપીએકટ કલમ-૧૩૫ મુજબ ગુન્હો નોંધી આરોપીઓની ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા હતા.

માલપુરના પટેલના મુવાડા ગામે દારૂડિયો

પતિ નશામાં બેફામ બની પત્નીને ત્રાસ આપતા ૧૮૧ અભયમ ટીમે ઠંડુ પાણી રેડી નશો ઉતાર્યો

મોડાસા, તા. ૧૨

કોરોના મહામારીને લઈને સમગ્ર દેશ લોકડાઉન છે. પોલીસતંત્ર લોકડાઉનની અમલવારી અને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા કમરકસી રહી છે. લોકડાઉનની સ્થિતિમાં વિદેશી દારૂની તીવ્ર તંગી વચ્ચે ગ્રામ્ય વિસ્તારોમાં દેશી દારૂનો વેપલો ધમધમી રહ્યો છે. અરવલ્લી જીલ્લાના માલપુર તાલુકાના પટેલના મુવાડા ગામે દારૂના રવાડે ચઢેલો યુવાન તેની પત્નીને ત્રાસ આપતા અસહ્ય બનેલા ત્રાસથી ત્રાહિમામ બની મહિલાએ ૧૮૧ અભયમ ટીમને જાણ કરતા ૧૮૧ અભયમની ટીમ પટેલના મુવાડા ગામે પહોંચી દારૂના નશામાં મદમસ્ત બનેલા યુવકને ઠંડા પાણીથી નશો ઉતારી કોરોના મહામારીમાં લોકડાઉનની સ્થિતિમાં કાયદાનું ભાન કરાવી ગામના આગેવાનો વચ્ચે પત્નીની માફી માંગી ત્રાસ નહિ આપેની બાંહેધરી આપતા કાયદાકીય કાર્યવાહી કરવાનું ટાળી મહિલાની મદદે પહોંચતા મહિલાએ હાશકારો અનુભવ્યો હતો.

માલપુર તાલુકાના પટેલના મુવાડા ગામે અને આજુબાજુના વિસ્તારમાં ખુલ્લેઆમ દેશીદારૂનું વેચાણ થતા અનેક યુવાનો દારૂના નશામાં રચ્યા પચ્યા રહે છે પટેલના મુવાડા ગામે દેશી દારૂની લતમાં યુવક દરરોજ દેશી દારૂ ઢીંચી તેની પત્ની ત્રાસ આપતા અસહ્ય બનેલા ત્રાસથી પતિને સબક શીખવાડવા લોકડાઉનમાં પોલિસ સ્ટેશને જવું મુશ્કેલ જણાતા ૧૮૧ અભયમ હેલ્પલાઈનમાં ફોન કરતા અરવલ્લી ૧૮૧ અભયમ ટીમ મહિલા પોલિસ સાથે તાબડતોડ પહોંચી હતી. ૧૮૧ અભયમની ટીમ મહિલાના ઘરે પહોંચી તો તેનો પતિ દારૂના નશામાં ચકનાચૂર બની ઘર બહાર ખાટલામાં પડી રહ્યો હતો ૧૮૧ અભયમ ટીમ હાલ લોકડાઉનની સ્થિતિમાં મૂંઝવણમાં મુકાઈ હતી. નશેડી યુવકને ઠંડુ પાણી રેડી નશો ઉતારી નશો ઉતરતા ગામના આગેવાનો બોલાવી દારૂડિયા પતિને દારૂબંધીના કાયદાનું ભાન કરાવી દારૂડિયા પતિ અને પીડિત પત્નીનું કાઉન્સલીંગ કરતા જેલથી ફફડી ઉઠેલા પતિએ તેની પત્નીની માફી માંગી દારૂનો નશો નહિ કરવાની બાંહેધરી આપતા ૧૮૧ અભયમની ટીમે હાલ પૂરતી કાયદાકીય કાર્યવાહી કરવાનું ટાળી હતી મહિલા માટે ૧૮૧ અભયમ ટીમ આશીર્વાદ રૂપ સાબિત થઈ હતી.

અરવલ્લીના ૧૯૯૭ પોલીસ જવાનોનું થર્મલ સ્ક્રિનિંગ કરાયું

ભિલોડા, તા.૧૨

ભારત સહિત સમગ્ર વિશ્વમાં કોરોનાએ મચાવેલો આતંકની સામે જ્યારે સામાન્ય માનવી લાચાર થઈ ગયો છે. ભારતમાં ખાસ કરીને ગુજરાતમાં ધીમે-ધીમે કોરોનાએ પગપેસારો કર્યો છે. ત્યારે સમાજના ખરા યૌદ્ધાઓએ માતૃભૂમિનુ કર્જ ચુકવવા માટે એક ડગલું પણ પાછી પાની કરી નથી તેવા અરવલ્લી જિલ્લાના ૧૯૯૭ પોલીસ જવાનો ખડે પગે ઉભા રહી પોતાની દેશભક્તિનું ઉદાહરણ પુરૂ પાડી રહ્યા છે.

અરવલ્લી જિલ્લાના નજીક એવા સાબરકાંઠા જિલ્લામાં કોરોનાનો એક કેસ મળી આવતા તેમજ રાજસ્થાનને અડીને આવેલા એવા આ જિલ્લાની સરહદો પર પોતાના આરોગ્યની પરવા કર્યા વિના ફરજ બજાવતા પોલીસ જવાનોના આરોગ્યનું કાળજી લેવી ખૂબ જ જરૂરી બની જાય છે, તેથી જિલ્લા પોલીસ વડા મયુર પાટીલના માર્ગદર્શન હેઠળ આરોગ્ય વિભાગનીટીમ દ્વારા તેમના આરોગ્યની ચકાસણી કરવામાં આવી હતી. જેમાં પોલીસના ૯૧૮, એસ.આર. પી.એફના ૫૦, હોમગાર્ડના ૬૩૫, જીઆરડીના ૨૯૫ અને ટીઆરબીના ૯૯ મળી કુલ ૧૯૯૭ રક્ષકોનું તાવ, શરદી, કફ કે હૃદયના ધબકારા અનેબ્લડ પ્રેશર તપાસ સહિત અન્ય બિમારીને લગતા લક્ષણોનુ થર્મલ સ્ક્રિનિંગ કરવામાં આવ્યું હતું.

વડગામના મજાદરમાં આરોગ્ય વિભાગની મોકડ્રિલ

વડગામ તાલુકાના મજાદર ગામે આરોગ્ય વિભાગ દ્વારા મોકડ્રિલ યોજાઈ હતી. જેમાં મજાદર ગામમાં મુંબઈથી આવેલ એક વ્યક્તિને કોરોના વાઈરસના લક્ષણો જણાતાં છાપી આરોગ્ય વિભાગની ટીમ દ્વારા તાબડતોબ સારવાર અર્થે ડીસા ભણસાલી હોસ્પિટલમાં બનાવાયેલ આયસોલેસન વોર્ડમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હોવાનું મોકિડ્રલ યોજાયું હતું અને આ અંગે તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. પ્રકાશ ચૌધરીએ જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં મામલતદાર આર.સી. ઠાકોર, તાલુકા વિકાસ અધિકારી જેઠાભાઈ વળાગાંઠ, આશાવર્કર, આંગણવાડી કાર્યકર સહિત તમામ વિભાગોના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

ડીસાના પનોતા પુત્ર ઉદ્યોગપતિ ડી.આર. અગ્રવાલ દ્વારા પાંચ લાખનો ચેક મુખ્યમંત્રી રાહત ફંડમાં આપ્યો

ડીસા, તા. ૧૨

કોરોના વાયરસને મહામારીના પગલે વડાપ્રધાન દ્વારા સમગ્ર દેશમાં લોકડાઉન જાહેર કરાવામાં છે. ત્યારે

જનજીવન ઠપ થઈ ગયુ છે ત્યારે રોજનું કમાઈને રોજ ખાતાં લોકોના જીવન ઉપર ભારે મુશ્કેલી ઉભી થઈ છે, ત્યારે સરકાર દ્વારા કોરોના વાયરસની મહામારી વચ્ચે અનેક જાહેરાતો કરવામાં આવી છે અને સેવાભાવી સંસ્થાઓ આગળ આવીને જરૂરિયાતમંદ લોકો સુધી સેવાનો લાભ આપવા અપીલ કરવામાં આવી છે.

વડાપ્રધાનની અપીલના પગલે દાતાઓ તરફથી લાખો રૂપિયાના ચેક પ્રધાનમંત્રી મુખ્યમંત્રી રાહત ફંડમાં આપવામાં આવી રહ્યા છે. ત્યારે આજે ડીસાના પનોતા પુત્ર અને અગ્રણી ઉદ્યોગપતિ દિનેશભાઈ અગ્રવાલ દ્વારા આજે ડિસા ખાતે આવી મુખ્યમત્રી રાહત ફન્ડમાં પાંચ લાખ રૂપિયાનો ચેક ડીસા નાયબ કલેકટરને અર્પણ કર્યો હતો અને આરોગ્ય વિભાગના કર્મચારીઓ સ્વચ્છ માટે કોરોના વાયરસથી બચવા પીપીઈ પર્સનલ પ્રોટેક્શન ઈકવિમેનટ કીટ ૫૦૦ કીટ આપવાની પણ જાહેરાત કરી હતી અને બનાસકાંઠા જિલ્લામાં એક પણ કેસ પોઝિટિવ નોંધાયો નથી તે બદલ બનાસકાંઠા જિલ્લા કલેકટર તેમજ વહીવટીતંત્રની કામગીરીની પ્રશંસા કરી હતી અને રાત દિવસ લોકો માટે દોડતાં ડીસાના ધારાસભ્ય શશીકાંત પંડ્યાની કામગીરીથી પ્રભાવિત થઈને અભિનંદન પાઠવ્યા હતા.

આજે ઉદ્યોગપતિ દિનેશચંદ્ર અગ્રવાલ સાથે તેમની સાથે ધારાસભ્ય શશીકાંત પંડ્યા અને તાલુકા મામલદાર પારગી પણ સાથે જોડાયા હતા. ડીસાના પનોતા પુત્ર અને ઉદ્યોગપતિ દિનેશચંદ્ર અગ્રવાલની વતન પ્રત્યેની લાગણીથી સૌ કોઈ પ્રભાવિત થયા હતા.

ધાનેરા પોલીસે ૪૫ હજારની ગુટકા અને તમાકુ સાથે બે ઈસમોની અટકાયત

અત્યારે કોરોના ને લઈ સમગ્ર દેશ લોકડાઉન છે તમામ બજારો પણ બંધ છે ત્યારે કેટલાક વેપારીઓ કેટલીક વસ્તુઓમાં કાળા બજાર કરતા હોવાની વાતને પકડી છે વાત કરવામાં આવે બનાસકાંઠા જિલ્લાના ધાનેરા ની તો ધાનેરામાં ગુટકા અને તમાકુ ખૂબ જ ઊંચા ભાવે વેચાય છે અને કેટલાક વેપારીઓ દ્વારા ગુટકા અને તમાકુ નું કાળા બજાર પણ કરવામાં આવે છે ત્યારે આજે ધાનેરા પોલીસ ઈન્સ્પેક્ટર એસ એ ડાભી તેમજ વિક્રમભાઈ સહીત ની ટીમે ધાનેરામાંથી ૪૫ હજારની ગુટકા અને તમાકુ ભરેલી ગાડી સાથે રાકેશ કુમાર કનૈયાલાલ અને હિંમતકુમાર કનૈયાલાલ બંને રહે શિવાજી પાર્ક સોસાયટી ધાનેરા ની ધરપકડ કરી તેમની વિરૂદ્ધ આઈપીસીની કલમ ૧૮૮ અને ૨૬૯ તથા ડિઝાસ્ટર મેનેજમેન્ટ કલમ ૫૧ બી મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોડાસાના ખલીકપુરમાં યુવકનો પગ લપસતાં કુવામાં ખાબકતા ડૂબી જતાં મોત

મોડાસાના ખલીકપુરમાં રવિવારના રોજ એક યુવક કૂવામાં પડી જતાં તેનું મોત નિપજ્યું હતું. ઘટનાને પગલે મોડાસા નગરપાલિકાનું ફાયર ફાઈટર ઘટના સ્થળે દોડી પહોંચ્યું હતું અને યુવકની લાશને કૂવામાંથી બહાર કાઢી હતી. ઘટનાની જાણ મોડાસા ટાઉન પોલીસને થતાં ઘટના સ્થળે દોડી પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મોડાસા તાલુકાના ખલીકપુર ગામે સુરેશભાઈ શનાભાઈ પટેલના ખેતરમાં આવેલ કૂવાની કિનારી ઉપર રવિવારના રોજ દશરથભાઈ કાંતિભાઈ પરમાર ઉ.વ.૩૫ મૂળ રહે. વાઘોડીયા, વડોદરા હાલ રહે.ખલીકપુર, મોડાસા) બેઠો હતો. જે આકસ્મિક રીતે કૂવામાં પડી ગયો હતો. જે અંગેની જાણ ખેતર માલિકે પોલીસને તેમજ નગરપાલિકાના ફાયર ફાઈટરને કરી હતી. ઘટના અંગેની જાણ થતાં મોડાસા પાલિકાનું ફાયર ફાઈટર ઘટના સ્થળે દોડી પહોંચી કૂવામાંથી યુવકની લાશ બહાર કાઢી હતી. જ્યારે પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જરૂરીયાતમંદ લોકોને નગાણામા ગામના દાતા દ્વારા કરીયાણાની કીટ અપાઇ

વડગામ તાલુકાના નગાણા ગામમાં દાતાશ્રી દ્વારા ગામના ગરીબ જરૂરીયાતમંદ લોકોને કરીયાણાની કીટ વિતરણ કરવામાં આવી હતી. નગાણાના હયાતભાઈ અલીભાઇ બિહારીના સુપુત્ર અસ્લમભાઈ બિહારી દ્વારા નગાણા ગામમાં જરૂરિયાતમંદ અને ગરીબ લોકોને કરિયાણાની ૩૦ કિટ આપવામાં આવી હતી.

અરવલ્લી જિલ્લાના ૭૧,૬૮૫ એપીએલ-૧ કાર્ડધારકોને આજથી અનાજ વિતરણ કરાશે

સમગ્ર રાષ્ટ્રમાં લોકડાઉન અમલી બનતા ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓ ઉપલબ્ધ થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા બીપીએલ અને અંત્યોદય કાર્ડ ધારકોને અનાજ વિતરણ કરવામાં આવી રહ્યુ છે. ત્યારે મધ્યમ વર્ગ એવા એપીએલ કાર્ડ ધારકોને પણ વિનામૂલ્યે પુરવાઠો મળી રહે તેવો સંવેદનશીલ નિર્ણય લેવામાં આવ્યો છે.

જે અંતર્ગત રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો ૨૦૧૩ અન્વયે અરવલ્લી જિલ્લામાં નોંધાયેલા એ.પી.એલ-૧ ૭૧,૬૮૫ રેશનકાર્ડ ધારકોને સરકાર માન્ય જિલ્લાની ૩૯૬ વ્યાજબી ભાવની દુકાનો પરથી વિનામૂલ્યે અનાજનું વિતરણ કરાશે. જેમાં મોડાસાના ૨૩,૦૭૩, મેઘરજના ૭૨૦૨ માલપુરના ૬૪૩૭ ભિલોડાના ૧૪,૯૦૪, બાયડના ૧૨,૬૦૮ અને ધનસુરાના ૭૪૬૧ કાર્ડધારકોના ૨,૯૪,૭૯૯ લોકોને વિનામૂલ્યે અનાજનો લાભ મળશે.

આગામી ૧૩ એપ્રિલથી હાથ ધરાનાર અનાજ વિતરણની કામગીરી રેશનકાર્ડ ધારકોએ અનાજનો જથ્થો મેળવવા માટે પરિવારોને ઓળખના પુરાવા તરીકે નોન એન.એફ.એસ.એ. એ.પી.એલ-૧ કાર્ડ સાથે આધાર કાર્ડ લઈ જવાનું રહેશે. આવા કાર્ડ ધારકોને કુટુંબ દીઠ ૧૦ કિલો ઘઉં, ૩ કિલો ચોખા, ૧ કિલો દાળ અને ૧ કિલો ખાંડનું વિતરણ કરવામાં આવશે. પાંચ દિવસ ચાલનાર આ અનાજ વિતરણ વ્યવસ્થા તા .૧૭ એપ્રિલના રોજ પૂર્ણ કરવામાં આવશે.

હિંમતનગરમાં જિલ્લા પોલીસ કંટ્રોલ રૂમના વાયરલેસ ઓપરેટરનું અકસ્માતમાં મોત

હિંમતનગર, તા. ૧૨

હિંમતનગર પોલીસ કંટ્રોલરૂમમાં વાયરલેસ ઓપરેટર તરીકે ફરજ બજાવતા અમૃતભાઈ દાનજીભાઈ વણકર-ઉવ-૫૫ પોતાનું બાઈક લઈને રવિવારે બપોરે ૧૧.૪૫ વાગે ઘરેથી પોલીસ કંટ્રોલરૂમ જતા સમયે હિંમતનગરના ટાવર ચોકથી મહાવીરનગર જવાના રેલ્વે ઓવર બ્રીજ પર ટાવર તરફથી જીલ્લા પોલીસ વડાની કચેરીમાં ક્લોથીંગ સ્ટોરમાં ફરજ બજાવતા પ્રવીણભાઈ મોતીભાઈ વણકર અલ્ટો કાર લઈને પોતાના ઘરે જઈ રહ્યા હતા. ઓવરબ્રીજ પર બાઈક અને અલ્ટો કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો જેમાં બાઈક ચાલક અમૃતભાઈને શરીરે ગંભીર ઈજા પહોચી હતી. સારવાર અર્થે એ -ડીવીઝન પોલીસ સ્ટેશનની સેકંડ મોબાઈલમા તાત્કાલિક સારવાર અર્થે હિમતનગર સિવિલમાં લઈ ગયા હતા. જ્યાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.